જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૦૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૭ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ લકઝરી બસ કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૦૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બિનવારસી હાલતમાં મૃત ભૃણ મળી આવ્યુ:- સમાચાર યાદી નં.૨૫૦૬/૧૭**

**વેજલપુર :** તા.૧૨/૧૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ફતેવાડિ કેનાલ પાસે આવેલ કસ્વા પાર્ક વિભાગ-૦૨ ના મ.નં ૧૬/૧૭ ની દિવાલ આગળથી વેજલપુર પોલીસનેબીનવારસી હાલતમાં એક મૃત ભૃણ મળી આવતા, વેજલપુર પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધીઆ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૫૦૭/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :** હાર્દિકભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે, સુવર્ણ એપાર્ટમેન્ટ, નિર્ણયનગર રોડ, રાણીપ) એ તા.૧૩/૧૨/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૧૭ ના કલાક ૭/૦૮ થી ૦૭/૧૬ વાગ્યા દરમ્યાન આરોપી (૧) રાહુલભાઇ તથા (૨) મુકેશભાઇ પટેલ (રહે. મુંબઇ મલાડ) ભેગામળી હાર્દિકભાઇને કેનેડા ખાતે મોકલવા માટેની વિઝા પ્રોસીજર અંગે વિશ્વાસમાં લઇ TBS (ટેલી બ્રોકીંગ સિસ્ટમ) મારફતે, બેંક ખાતાની તમામ કિટ રાજેશભાઇ મારફતે મેળવી લઇ, કાવતરૂ રચી, હાર્દિકભાઇની જાણ બહાર પર્સનલ ખાતામાંથી જોઇન્ટ એકાઉન્ટમાં નાણા ટ્રાન્સફર કરી એટીએમ મારફતે રૂપીયા ૨,૦૦,૦૦૦/- ઉપાડી લઇ, હાર્દિકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એમ.એચ.શિણોલ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૦૮/૧૭**

**સોલા હાઇકોર્ટ :** કિશોરભાઇ નારણભાઇ દેસાઇ (રહે,પ્રાથના બંગ્લોઝ વસંત નગરટાઉન શીપ ગોતા, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૧૭ ના કલાક ૧/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.એચ. કુબાવત ચલાવે છે.

**મણીનગર :** મીનાબેન ડો/ઓ દોલતરામ ભાવસાર (ઉ.વ.૫૮)(રહે,પહેલો માળ, શીવાનીફલેટ, દક્ષિણી ગણપતિ ગલીની બાજુમાં, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૧૭ ના કલાક ૯/૩૦ થી ૧૨/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**સાબરમતી :** રુચિતાબેન મોહિતભાઇ ચૌહાણ (રહે,અદાણી પ્રથમ ફ્લેટ, ત્રાગડ રોડ) એ તા.૧૩/૧૨/૧૭ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૨/૧૭ ના કલાક ૯/૦૦ થી રાતનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી ઘડીયાળો, પરફ્યુમ, ડી.ઓ., પેન્ડટ સેટ, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૫૦૯/૧૭**

**રાણીપ :** મીતુલભાઇ માણેકસિહ કાલા (ઉ.વ.૨૩)(રહે,હાલ દુધાધારી મહાદેવની ચાલી ગાંધીઆશ્રમ પાસે સાબરમતી) એ તા.૧૩/૧૨/૧૭ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૨/૧૭ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન ગાંધીઆશ્રમ કાર્ગો મોટર્સ તથા કૃપા બંગ્લોઝની સામે રોડ ઉપર એક બુલેટ મોટર સાયકલ નંબર જીજે.૦૧.એમ.ઝેડ.૭૫૦૧ ના ચાલકે પોતાની બુલેટ મોટર સાયકલ પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી, મીતુલભાઇનાં મોટા બાપુ લક્ષ્મણસિહ પુંજસિહ ઝાલા ને ટકકર મારતા, તેમને શરીરે ગંભીર ઇજાઓ થતા, સારવાર દરમ્યાન લક્ષ્મણસિંહનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ મસઇ.શ્રી નરેન્દ્રસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૧૦/૧૭</u>**

**નારોલ :** હાર્દિક સ/ઓ વિનોદચંન્દ્ર મિસ્ત્રી (ઉ.વ.૨૧)(રહે,એકતા પાર્ક સોસાયટી, ઇસનપુર વટવા રોડ નારોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૧૭ ના કલાક ૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં પોતાના જમણા હાથના કાંડાની નસ કાપી નાંખતા, સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતા, કલાક ૬/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ હાર્દિકને મૃત જાહેર કર્યો હતો આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.